તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪

ગુરુવાર ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬


# બાલંબામાં ડેન્ગ્યુના 7 રિપોર્ટ પોઝિટિવ

**કુકરમુંડા** તાલુકામાં મચ્છરોનો ઉપદ્રવ વધતાં ડેન્ગ્યુ-મલેરિયાના કેસોમાં વધારો

**ડેપ્યુટી** સરપંચની રજૂઆત બાદ આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક ગામમાં પહોંચી

કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના અંદાજે 2500થી વધુ વસતી ધરાવતા બાલંબા ગામમાં વરસાદી વિરામ બાદ વાતાવરણમાં આવેલા પલટા અને ગામમાં ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ નોંધપાત્ર રીતે વધ્યો છે. જેના કારણે ગામમાં ડેન્ગ્યુ, મેલેરિયા તેમજ સાદા તાવના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે.

ગામના લોકો બીમાર પડતાં ગ્રામજનોમાં ચિંતા અને ફફડાટનો માહોલ સર્જાયો છે. બાલંબા ગામના સાત જેટલા દર્દીઓએ ખાનગી હોસ્પિટલોમાં સારવાર દરમિયાન લેબોરેટરી ટેસ્ટ કરાવતાં તેમના ડેન્ગ્યુના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઉપરાંત, ગામના અન્ય ઘણા લોકો મેલેરિયા અને સામાન્ય તાવથી પણ પીડાઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. ગામમાં સર્જાયેલી આરોગ્ય સંબંધિત ગંભીર પરિસ્થિતિ અંગે બાલંબા ગ્રુપ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ મુન્ના ઉર્ફે મહેશભાઈ વસાવાએ કુકરમુંડા તાલુકા આરોગ્ય અધિકારીને જાણ કરતા આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક બાલંબા ગામે પહોંચી હતી.





## ગામમાં જંતુનાશકનો છંટકાવ કરી દવાનું વિતરણ શરૂ કરાયું

બાલંબા ગામમાં પહોંચેલા આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા ગામના જાહેર સ્થળો, પાણી ભરાયેલા ખાડાઓ તેમજ રહેણાંક વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો. સાથે જ બીમાર લોકોનું આરોગ્ય ચેકઅપ કરી જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામજનો દ્વારા ગામમાં નિયમિત સફાઈ, ગંદકી દૂર કરવા અને મચ્છરજન્ય રોગો સામે અસરકારક પગલાં લેવા માટે તંત્રને માંગ કરવામાં આવી છે.

### બચાવ કેવી રીતે કરવો?

- અઠવાડિયામાં ઓછામાં ઓછું એકવાર પાણી ભરાયેલા પાત્રો ખાલી અને સાફ કરો.
- કૂલરનું પાણી નિયમિત બદલો.
- પાણીની ટાંકીને ઢાંકીને રાખો.
- મચ્છરદાની, સંપૂર્ણ બાંયના કપડાં અને મચ્છરથી બચવાના યોગ્ય ઉપાયો અપનાવો.
- તાવ આવે તો સ્વ-દવા કરવાને બદલે તબીબી સલાહ લો.

## 2500ની વસતીમાં 7 કેસ ચોંકાવનારો આંકડો

તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં બાલંબા ગામ આવેલું છે. અહીં સત્તાવાર રીતે ડેન્ગ્યુનાં 7 પોઝિટિવ કેસ નોંધાયા છે. આ ગામની વસ્તી માત્ર 2500ની છે તેમાં ડેન્ગ્યુના સાત કેસ નોંધાયા છે જે ખૂબ જ મોટો આંકડો કહી શકાય તેમ છે.

# પડતર માંગ નહીં ઉકેલાતાં મઢી સુગરના 200 કામદારની હડતાળ

**કામદારો** ફેક્ટરીના મુખ્ય ગેટ સામે ધરણા પર બેસી જતાં સુગર તંત્રમાં દોડધામ




કડોદ: બારડોલી તાલુકાના મઢી ખાતે આવેલ મઢી ખાંડ ઉદ્યોગ મંડળીના કામદારોએ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને બુધવારે કાયમી કરવા અને પગાર વધારાની મુખ્ય માંગ સાથે અંદાજિત 200 જેટલા કામદારો વહેલી સવારથી જ ફેક્ટરીના મુખ્ય ગેટ સામે ધરણા પર બેસી જતાં સુગર તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

હડતાળ અંગે કામદારો દ્વારા અગાઉથી જ સ્થાનિક મામલતદાર, પોલીસ સ્ટેશન અને ફેક્ટરી સંચાલકોને લેખિત જાણ કરવામાં આવી હતી. બુધવારે સવારે મોટી સંખ્યામાં કામદારો એકત્રિત થઈને વિરોધ પ્રદર્શન કરવા લાગ્યા હતા. ઘટના સ્થળે કોઈ અપ્રિય બનાવ ન બને એ માટે પોલીસ કાફલો તુરંત તૈનાત કરી દેવાયો હતો અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આવનારા દિવસોમાં મઢી સુગર ફેક્ટરીની ચૂંટણી યોજાનાર છે. જેથી સુગર મંડળીના જવાબદારો અને હોદ્દેદારો દ્વારા કામદારોને શાંત પાડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. સંચાલકોએ ખાતરી આપી હતી કે, ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવી બોડી અસ્તિત્વમાં આવતાં જ કામદારોના તમામ પ્રશ્નો અને માંગણીઓનું સકારાત્મક નિવારણ લાવવામાં આવશે. સંચાલકોની આ હૈયાધરપત બાદ બપોરે ૩ વાગ્યાના અરસામાં કામદારોએ હડતાળ આટોપી લીધી હતી અને મામલો શાંત પડ્યો હતો.

# આપઘાત પહેલાં નિધીએ માતાને ફોનમાં કહ્યું : ‘ સૌરભ મને મારી નાંખશે ’

**ભાજપ** નેતાની પુત્રવધૂના આપઘાત કેસમાં પતિ અને તેની પ્રેમિકા સામે પોલીસ ફરિયાદ

પલસાણા: કડોદરામાં શ્રીનિવાસ ગ્રીનસિટી સોસાયટીમાં ૨૪ વર્ષીય પરિણીતાના આપઘાત કેસમાં મૃતકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે મૃતકના પતિ અને તેની પ્રેમિકા સામે ગુનો નોંધ્યો છે.

પોલીસની સઘન તપાસ દરમિયાન સ્યુસાઇડ નોટ મૃતકના આંતરવસ્ત્રમાંથી મળી આવી હતી. જેના આધારે પરિવારે પતિ અને તેની પ્રેમિકાના ત્રાસથી આપઘાત કર્યાનો આક્ષેપ કર્યો છે. મૂળ બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના વતની અને હાલ ત્યાં જ ખાનગી કંપનીમાં નોકરી કરતા ૧૯ વર્ષીય આદિત્યકુમાર સિંગે નોંધાવેલી એફ.આઈ.આર. મુજબ તેમની બહેન નિધીનાં લગ્ન ૧૨ ફેબ્રુઆરી-૨૦૨૪ના રોજ સૌરભસિંગ સંજયસિંગ સાથે હિન્દુ રીત-રિવાજ મુજબ થયાં હતાં. લગ્ન બાદ નિધી કડોદરા સ્થિત શ્રીનિવાસ ગ્રીનસિટીના વિભાગ-એના મકાન નંબર ૭૬, ૭૭ માં પોતાની સાસરીમાં રહેતી હતી. ભાઈએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે સૌરભસિંગને લગ્ન પહેલાથી જ ઇશીકા બેનરજી નામની અન્ય યુવતી સાથે પ્રેમસંબંધ હતો અને લગ્ન પછી પણ આ સંબંધ યથાવત રહ્યો હતો. પરિવારજનોએ સૌરભને આ સંબંધ તોડવા માટે ઘણીવાર સમજાવ્યો હતો, છતાં તે માન્યો ન હતો અને પેલી યુવતીના પ્રેમમાં જ હતો.

આ બાબતને લઈને પતિ અને તેની પ્રેમિકા ત્રાસ આપતાં તેણે જીવન ટુંકાવી લીધું હતું. કડોદરા જી.આઈ.ડી.સી.પોલીસે મૃતકના ભાઈની ફરિયાદના આધારે પતિ સૌરભસિંગ સંજયસિંગ અને તેની પ્રેમિકા ઇશીકા બેનરજી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મૃતક નિધિ કડોદરા નગરના ભાજપની મહિલા નેતા શશિસિંગની પુત્રવધૂ થાય છે.

### માતા સાથે વાતચીત બાદ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો

ફરિયાદમાં નોંધવામાં આવેલી વિગતો અનુસાર, ગત ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે ૪:૧૬ વાગ્યે નિધીએ તેની માતા યશોદાદેવીને ફોન કર્યો હતો અને ગભરાયેલી હાલતમાં જણાવ્યું હતું કે, સૌરભ મને મારી નાંખશે. આ વાતચીત બાદ તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. એ પછી નિધીની સાસુ શશીસિંગનો અન્ય સંબંધી પર ફોન આવ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે નિધીને કંઈક થઈ ગયું છે. આ સાંભળીને ભાઈ આદિત્યકુમારે તાત્કાલિક સાસુને ફોન કરતાં તેમણે નિધીના મૃત્યુની પુષ્ટિ કરી હતી. આ દુઃખદ સમાચાર મળતા જ બિહારથી ભાઈ અને અન્ય પરિવારજનો ફ્લાઇટ અને ટ્રેન મારફતે તાત્કાલિક સુરત દોડી આવ્યાં હતાં.

# કડોદરામાં નજીવી બાબતે બે જૂથો વચ્ચે ધીંગાણું, સામસામી ફરિયાદ

**મોટરસાઇકલની** લાઈટ બતાવતાં બખેડો થયો, લાકડાં અને ચપ્પુથી હુમલો

પલસાણા: કડોદરાની હોરીજન હોટેલ નજીક રાજસ્થાની ધાબા પાસે ૨૫ ઓગસ્ટ ૨૦૨૬ની મધ્ય રાત્રિએ બે જૂથ વચ્ચે નજીવી બાબતે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે. આ ઘર્ષણમાં બંને પક્ષે લાકડાના ફટકા અને ચપ્પુ વડે હુમલો કરવામાં આવતાં બંને જૂથના લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. કડોદરા જી.આઈ.ડી.સી પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ ફરિયાદ મુજબ જોળવા ખાતે રહેતા વિક્રમસિંગ ઉર્ફે વિરુ રામસમરત સિંગે નોંધાવેલી વિગત અનુસાર તેમના મિત્રો અરુણ, અંશુ અને હરિઓમ રાજસ્થાની ધાબા પાસે બાકડા પર બેઠા હતા. તે સમયે શુભમ નામનો ઈસમ પોતાની મોટરસાઈકલની લાઈટ જાણીજોઈને તેમના પર પાડતો હતો. લાઈટ કરવાની ના પાડતાં શુભમે તમે વિક્રમસિંગના માણસ છો તેમ કહીને પોતાના સાગરીતો દેવકણ ભરવાડ, દીપક અને અન્ય એક અજાણ્યા શખ્સ સાથે મળીને લાકડાના ફટકા અને ચપ્પુથી હુમલો કર્યો હતો. આ ઘર્ષણમાં વચ્ચે પડતા વિક્રમસિંગને માથામાં ઈજાઓ અને જમણા પગમાં ફ્રેક્ચર થયું હતું તથા તેમના ભાઈ સચિનને પણ માથામાં ગંભીર ઈજા પહોંચતાં બારડોલી સરદાર હોસ્પિટલ અને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બીજી તરફ સામા પક્ષે તાંતીથૈયા ગામે રહેતા દેવકણભાઈ વરજણભાઈ ભરવાડે વળતી ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ તેઓ અને તેમનો મિત્ર શુભમ અને દીપક ધાબા પાસે ગયા હતા. જ્યાં દીપકની મોટરસાઈકલ લેવા માટે શુભમ ગયો હતો. એ દરમિયાન વિક્રમ ઉર્ફે વિરુ રાજપૂત, સચિન ઘનશ્યામસિંહ અને અન્ય બે અજાણ્યા ઈસમો મોટરસાઈકલ આપતા ન હતા અને ગાળાગાળી કરી ઝપાઝપી કરી રહ્યા હતા. આ સમયે દેવકણ અને દીપક છોડાવવા માટે ત્યાં વચ્ચે પડતા વિક્રમ અને સચિને ચપ્પુ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં દેવકણને પીઠના ભાગે, શુભમને કમર અને જાંઘના ભાગે તથા દીપકને પગમાં ચપ્પુના ઘા વાગ્યા હતા અને તેમને સારવાર માટે યુનિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મારામારી દરમિયાન બંને પક્ષોએ એકબીજાને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. બનાવની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ જતા હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા. કડોદરા પોલીસે બંને જૂથની સામસામી ફરિયાદના આધારે હથિયારો વડે હુમલો કરવા અને જાહેરનામાના ભંગનો ગુનો નોંધી પીએસઆઈ જયેશકુમાર ગમનલાલ ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સોનગઢમાં ઈદે મિલાદુન્નબીનું જુલૂસ નીકળ્યું



સોનગઢ: સોનગઢ નગરમાં ઇસ્લામ ધર્મના પયગંબર સાહેબના જન્મદિન નિમિત્તે ગુલસને મદીના મસ્જિદ દ્વારા ઈદે મિલાદુન્નબીનો પવિત્ર તહેવાર ખૂબ જ ઉત્સાહ, શ્રદ્ધા અને અદબ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે નગરમાં મુસ્લિમ સમાજ દ્વારા એક ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર જુલૂસ ઇસ્લામપુરાથી શરૂ થઈને ગાંધી ચોક, બિરસા મુંડા ચોક અને બસ સ્ટેન્ડ થઈને ફરી ગુલસને મદીના મસ્જિદ પાસે પહોંચીને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું.

### માંગરોળ પંથકમાં ઈદે મિલાદનું જુલૂસ નીકળ્યું



હથોડા: ઈદે-મિલાદના તહેવાર નિમિત્તે મુસ્લિમો દ્વારા તરસાડી, કોસંબા અને કીમ ચાર રસ્તા વિસ્તારમાં ઈદે મિલાદનું જુલૂસ નીકળ્યું હતું. સવારે 9 કલાકે પંથકના માર્ગો પર જુલૂસ કાઢવામાં આવતા અને ધીમે ધીમે લોકો જોડાતાં 10 વાગ્યા સુધીમાં તમામ માર્ગો પર માનવ મહેરામણ ઊમટી પડ્યું હતું. કોસંબા અને પાલોદ પોલીસ થાણાના અમલદારે સખત પોલીસ બંદોબત ગોઠવ્યો હતો. પોલીસે વાહન વ્યવહાર માટે માર્ગ ડાઈવર્ટ કરતાં ટ્રાફિકથી રાહત થઈ હતી. મોટામિયાં માંગરોળની ઐતિહાસિક મોટામિયા માંગરોળની દરગાહ ખાતે ઈદે મિલાદુન્નબીના દિવસે વર્તમાન ગાદી પતિ હિઝ હોલીનેલ પીર સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તીના સુપત્ર-અનુગામી ડો.મતાઉદ્દીન ચિશ્તી હાજર રહ્યા હતા.

### સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યવાહક પ્રમુખ વરાયા



સુરત: સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યવાહક પ્રમુખ તરીકે મોસાલી પ્રાથમિક શાળાના ઇમરાનખાન પઠાણની બિનહરીફ વરણી થઈ હતી. જે બદલ મોહનસિંહ ખેર, અશ્વિનસિંહ વાસિયા, રાજેન્દ્રસિંહ વાસદીયા, ઈલ્યાસભાઈ રાવત, રાજેન્દ્રસિંહ ચૌહાણ, હિતેન્દ્રભાઈ ચૌધરી, વિનોદભાઈ ચૌધરી, અયુબ ખાન પઠાણ, અજીતસિંહ પુનાડા, જયંતીભાઈ પરમાર, એચ ટેટ આચાર્ય, કેન્દ્ર શિક્ષકો સહિત તાલુકાના શિક્ષક ભાઈ-બહેનોએ ઇમરાનખાન પઠાણને શુભેચ્છા પાઠવી હતી.

### બારડોલીમાં અસ્થિર મગજનો યુવાન ગુમ

બારડોલી: બારડોલીના ધામડોદ રોડ પર આવેલી લક્ષ્મીવિલા સોસાયટીમાંથી ૩૦ વર્ષીય યુવાન મામરાજ જગન્નાથસિંહ ચૌધરી અચાનક ગુમ થઈ ગયા છે. મૂળ રાજસ્થાનના સીકરના વતની અને અસ્થિર મગજના મામરાજભાઈ ગત ૨૬ જુલાઈથી કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. પરિવારજનો દ્વારા વ્યાપક શોધખોળ છતાં કોઈ પત્તો ન લાગતાં આખરે ૨૫ ઓગસ્ટે બારડોલી ટાઉન પોલીસ મથકે જાણવા જોગ નોંધાવવામાં આવી છે.

### કડોદરામાં ૨૨ વર્ષીય યુવાનનો આપઘાત


પલસાણા: કડોદરા સ્થિત શાંતિનગરમાં રહેતા ૨૨ વર્ષીય યુવાન દિનેશ પ્રકાશ કોળીએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના બોરખેલ ગામના વતની દિનેશે ૨૫મી ઓગસ્ટ-૨૦૨૬ના રોજ બપોરે ૧થી ૪ વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના રૂમમાં પંખા સાથે સાડી બાંધી આ આત્યંતિક પગલું ભર્યું હતું. આ બનાવ અંગે મૃતકના મોટા ભાઈ ધનરાજ કોળીએ કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે જાણવાજોગ ફરિયાદના આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### બારડોલીમાં અજાણ્યા આધેડનું મોત

બારડોલી: બારડોલીના લિનિયર બસ સ્ટેશનથી સરકારી હોસ્પિટલ જવાના માર્ગ પર આર.કે. મોબાઈલ સામેથી ગત ૨૪મી ઓગસ્ટના રોજ બપોરે ૧૨ વાગ્યાના અરસામાં એક ૫૫ વર્ષીય અજાણ્યો પુરુષ બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બારડોલી સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી, વધુ સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડાતાં ટૂંકી સારવારના અંતે તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

# માંડવીના કોસાડીમાં બે દીપડાનો આતંક: પાલતુ શ્વાનનું મારણ કર્યું

**બે દીપડા** ખેતરોમાં ઘૂસતાં ગ્રામજનોમાં ફફડાટ, પાંજરું મૂકવા માંગ




માંડવી: માંડવીના કોસાડી ગામમાં છેલ્લા બે દિવસથી દીપડાએ ધામા નાંખતાં સમગ્ર પંથકમાં ભારે દહેશતનો માહોલ સર્જાયો છે. ગત રાત્રિ દરમિયાન પ્રફુલભાઈ હસમુખભાઈ પટેલના ઘરે દીપડાએ ત્રાટકી તેમના પાલતુ જર્મન શેફર્ડ શ્વાનનું મારણ કર્યું હતું. આ ઘટના બાદ વિક્રમસિંહ મહીડાના ખેતરમાંથી એકસાથે બે દીપડા નીકળીને નીતિરાજસિંહ મહીડા અને મુકેશસિંહ વાંસિયાના ખેતર તરફ જતા ગ્રામજનોની નજરે પડ્યા હતા. અગાઉ પણ અનેક વખત દુધાળા પશુઓનો શિકાર કરી ચૂકેલા દીપડાના સતત આંટાફેરાથી ખેડૂતો ખેતરે જતાં ડરી રહ્યા છે અને પશુપાલકોમાં પણ ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ગામના ખેડૂત રાકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેતર નજીક ઘર હોવાથી રાત્રિના સમયે બહાર નીકળવું કે ખેતીકામ કરવું અત્યંત જોખમી બની ગયું છે. બીજી તરફ પશુપાલક નીતાબેન પટેલે કહ્યું કે, ખેતર વચ્ચે તબેલો હોવાથી રાત્રે પશુઓની સારસંભાળ માટે જતાં પણ જીવ જોખમમાં મુકાય છે. ગ્રામ પંચાયતના સભ્ય ચંપકસિંહ વાંસિયાએ જણાવ્યું હતું કે દીપડાઓ દ્વારા અવારનવાર પાલતુ પ્રાણીઓ અને દુધાળા પશુઓનો શિકાર કરી મોટું નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. વન વિભાગ તાત્કાલિક પાંજરું ગોઠવી બંને દીપડાને પાંજરે પૂરે તેવી સમગ્ર ગામ વતી ઉગ્ર માંગ છે.

## માંડવીના કરંજ નજીક કાકરાપાર ડેમના પાણીમાં ડૂબી જવાથી વૃદ્ધનું મોત

માંડવી: કરંજ ગામ નજીક તાપી નદી પર આવેલા કાકરાપાર ડેમના પાણીમાં ડૂબી જવાથી એક વૃદ્ધનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં જ કરંજ ગ્રામ પંચાયતના સરપંચ તથા ટાઉનશિપ પોલીસ સ્ટેશન દ્વારા માંડવી ફાયર બ્રિગેડને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે ડેમના ઊંડા પાણીમાંથી મૃતદેહ બહાર કાઢી આગળની કાર્યવાહી માટે પોલીસને સોંપ્યો હતો. તપાસ દરમિયાન મૃતકનું નામ અશોકભાઈ નંદલાલભાઈ ચૌધરી (ઉં.વ.૬૪) હોવાનું બહાર આવ્યું છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તપાસ હાથ ધરી છે.

# સુરત જિલ્લામાં શાળા ટ્રાન્સપોર્ટેશનના વાહન ચાલકો 3 માસથી ભાડાથી વંચિત

**ચાલકોને** ભાડું નહીં મળતાં આર્થિક સંકટ

બારડોલી: બારડોલી સહિત સમગ્ર સુરત જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ શાળાઓમાં ચાલતી ટ્રાન્સપોર્ટેશન સેવામાં જોડાયેલા વાહન ચાલકોની હાલત ગ્રાન્ટના અભાવે અત્યંત દયનીય બની છે. આગામી સમયમાં તહેવારોની સિઝન આવી રહી છે ત્યારે છેલ્લા ત્રણ મહિનાથી વાન સંચાલકોને તેમના ભાડાની રકમ ન મળતાં તેમનામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા વારંવાર ગ્રાન્ટ આવતી ન હોય ભાડું ન મળવાથી આ વાહન ચાલકો માટે હવે પરિવારનું ભરણપોષણ કરવું અત્યંત મુશ્કેલ બની ગયું છે.

પ્રાથમિક શાળાઓમાં ૧ કિલોમીટરથી વધુ અંતરેથી આવતા બાળકો સમયસર અને સુરક્ષિત રીતે શાળાએ પહોંચી શકે તેવા ઉમદા હેતુથી આ ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરવામાં આવી છે. આંકડાકીય માહિતી પર નજર કરીએ તો, સુરત જિલ્લામાં અંદાજિત ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ નિયમિતપણે આ સેવાનો લાભ લે છે અને તેની સામે ૪૦૦થી વધુ વાહન ચાલકો પ્રત્યક્ષ રીતે આ વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ વાહન ચાલકો રોજેરોજ પોતાના ખર્ચે સીએનજી કે પેટ્રોલ ભરાવીને સેવા આપે છે. નાના વિદ્યાર્થીઓને પોતાના બાળકોની જેમ સાચવીને લાવવા-લઈ જવાની જવાબદારી નિભાવતા આ ચાલકોને સમયસર તેમની મહેનતના પૈસા ન મળતાં તેમના ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાત સરકારની ગ્રાન્ટ આવી ગઈ છે. પરંતુ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ હજુ સુધી ફાળવવામાં આવી નથી. આ મુદ્દે પ્રાથમિક શિક્ષણ અધિકારીએ ખુલાસો કરતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની ગ્રાન્ટ હજુ આવી નથી. તદુપરાંત, વહીવટી પ્રક્રિયામાં નવી સિસ્ટમ લાગુ થવાને કારણે પણ થોડી મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. જોકે, તેમણે એવી ખાતરી આપી છે કે થોડા સમયમાં જ આ સિસ્ટમ ઠીક થઈ જશે અને વાહન ચાલકોને તેમનું નિયમિત ભાડું મળતું થઈ જશે.

# તાતીથૈયામાં બાઈક સવારો યુવકના હાથમાંથી મોબાઈલ ઝૂંટવી ફરાર

પલસાણા: તાતીથૈયા ગામમાં વી.કે.પાર્ક સોસાયટીની બાજુમાં આવેલ રાધે રેસિડેન્સીમાં રહેતા અને કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા ૨૮ વર્ષીય રવિરંજન સરયુ પ્રજાપતિ ગત તા.૨૫ ઓગસ્ટે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેઓ જ્યારે દુર્ગા મિલની પાછળના ભાગે તાતીથૈયાની વી.કે. પાર્ક સોસાયટીના ગેટ પાસે પહોંચ્યા, ત્યારે બાઈક આવેલા બે અજાણ્યા રવિરંજનના હાથમાંથી રૂ.૭,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હતો અને વી.કે.પાર્ક સોસાયટી તરફ ભાગી છૂટ્યા હતા. યુવકે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# નિઝરમાં ડોક્ટરની ફરિયાદના આધારે પત્રકાર સામે ખંડણીનો ગુનો નોંધાયો

**નકલી** ડોક્ટર ગણાવી ધમકી આપી હતી



કુકરમુંડા: નિઝર પોલીસ મથકે રૂમકીતળાવ ગામે ક્લિનિક ચલાવતા 51 વર્ષીય ડોક્ટરની ફરિયાદના આધારે સોનગઢના પત્રકાર સાદીકખાન સાબસખાન પઠાણ સામે ખંડણીની માંગણી, ધમકી, બદનક્ષી તથા સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ કરવાના આક્ષેપો અંગે ગુનો નોંધાયો છે. પોલીસની વિગતો મુજબ ફરિયાદી જ્યોતિર્બ્રહ્મરાજભાઈ ગામજીભાઈ પાડવી (ઉં.વ.51) (રહે., મૌલીપાડા (આમોદા), તા. કુકરમુંડા, જિ.તાપી) અને હાલ નિઝરના રૂમકીતળાવ ખાતે રહી શ્રેયા ક્લિનિકમાં ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરે છે. તેમની ફરિયાદના આધારે આરોપી તરીકે પત્રકાર સાદીકખાન સાબસખાન પઠાણ (રહે.,પરોઠા હાઉસ, વાંકવેલ, તા.સોનગઢ) વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદ મુજબ તા.13/07/2026ના સવારે 11 વાગ્યાથી તા.14/7/2026ના સવારે 11 વાગ્યાના સમયગાળા દરમિયાન રૂમકીતળાવ સ્થિત શ્રેયા ક્લિનિક ખાતે આરોપીએ ફરિયાદી ડોક્ટર પાસેથી કથિત રીતે બળજબરીપૂર્વક પૈસાની માંગણી કરી હતી. તેમજ ફરિયાદીની જાણ બહાર વિડીયો ઉતારી તેને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં ફરિયાદમાં ડોક્ટરની શૈક્ષણિક લાયકાત અંગે ખોટી માહિતી આપી તેમને BHMS ડિગ્રી ધરાવે છે એવું બતાવી નકલી ડોક્ટર તરીકે રજૂ કરી વ્યવસાયિક અને સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા તેમજ માનસિક ત્રાસ અને ગુનાહિત ધમકી આપી હતી. આ અંગે નિઝર પોલીસે BNSની વિવિધ કલમો અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Toxic
10:00am, 11:00am, 01:00pm, 02:00pm, 02:45pm, 05:00pm, 05:45pm, 06:15pm, 09:00pm, 09:30pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333